જા.નં.નસબ/ફડચ/ ઝ–૫/૧૪૭૩/૧૨
સહકાર કમિશનર અને
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય,બ્લોક નં.૧૦
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા૨૯/૬/૧૨.

વંચાણે લીધાઃ

**(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૭૭ ની જોગવાઈઓ.**

પ્રસ્તાવનાઃ

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ ની કલમ–૭૭ ની જોગવાઈ મુજબ દરેક સહકારી સંસ્થાએ પ્રતિ વર્ષ હિસાબી વર્ષ પુરું થયાના ૩ માસમાં સાધારણ સભાનું આયોજન કરવાનું હોય છે. અને આવી સાધારણ સભામાં વાર્ષિક હિસાબો ઓડીટરનો અહેવાલ અને ઓડીટેડ સરવૈયા રજુ કરવાના હોય છે. કોઈક કારણોસર જો સહકારી સંસ્થા આગામી ૩ માસ એટલે ૩૦ મી જુન માસ સુધીમાં સાધારણ સભા ન બોલાવી શકે તો રજિસ્ટ્રાર, સાધારણ સભા બોલાવવાનો સમયગાળો વધુ ૩ માસ એટલે કે આગામી સપ્ટેમ્બર માસ સુધીનો મુદત વધારો આપી શકે છે.

ચાલુ વર્ષે રાજ્યની નાગરીક સહકારી બેંકોના ઓડીટ સમયસર પુરા નહી થવાની સામાન્ય રજુઆતને ધ્યાને લઈને ઉપરોક્ત મુશ્કેલી નિવારવા સામે ઉપરોક્ત આમુખમાં વંચાણે લીધેલા જોગવાઈઓ તથા કારણોને ધ્યાનમાં લઈ વાર્ષિક સાધારણ સભા બોલાવવાની સમય મર્યાદા સંબંધમાં નીચે મુજબ હુકમ કરું છું.

-:હુકમ:-

હું દિલીપ રાવલ, (આઈ.એ.એસ) સહકાર કમિશનર અને રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુ.રા. ગાંધીનગર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૭૭ હેઠળ મળેલ સત્તાની રુએ રાજયની નાગરીક સહકારી બેંકો સને ૨૦૧૧-૧૨ ના વર્ષની વાર્ષિક સાધારણ સભા સપ્ટેમ્બર ૨૦૧૨ સુધીમાં બોલાવવાની મુદત વધારી આપવામાં આવે છે.

(દિલીપ રાવલ)
સહકાર કમિશનર અને
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,

૧. જિલ્લા રજિસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ,તમામ

૨. ચેરમેનશ્રી,
ગુજરાત અર્બન કો.ઓપ.બેંક ફેડરેશન, કો.ઓપ. બેંક ભવન, જયહિંદ પ્રેસની બાજુમાં નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ.

૩. ચેરમેનશ્રી,
ગુજરાત રાજય ક્રેડીટ સોસાયટી ફેડરેશન લી. અમદાવાદ

૪. ચેરમેનશ્રી ગુજરાત રાજય સહકારી બેંક લી. રીલીફ રોડ, અમદાવાદ.

૫. ખાસ અન્વેષક અને સંયુ. રજિ. (વિભાગીય) સ.મં. રાજકોટ, વડોદરા, અમદાવાદ.

૬. ચેરમેનશ્રી મહેસાણા-પાટણ જિલ્લા કો.ઓપ. અર્બન બેંક અને ક્રેડીટ સોસાયટી ફેડરેશન, મહેસાણા.

૭. સંયુકત રજિસ્ટ્રારશ્રી અને સભ્યશ્રી બોર્ડ ઓફ નોમીનીઝ અમદાવાદ, વડોદરા, આણંદ, સુરત, મહેસાણા, ભાવનગર, રાજકોટ, ગોધરા.

૮. ચેરમેનશ્રી, સાઉથ ગુજરાત અર્બન કો.ઓપ. બેંક ફેડરેશન, C/O સુરત પીપલ્સ કો.ઓપ. બેંક લી. વસુધારા ભવન,ટીમલીયા વાડ, નાનપુરા સુરત.

૯. પ્રમુખશ્રી,
ગુજરાત રાજય સહકારી ટ્રીબ્યુનલ, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

૯. નિયંત્રણ અધિકારીશ્રી,
તમામ શાખા વડી કચેરી

રવાના કર્યુ

સહકાર કમિશનર અને રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગુ.રા.
ગાંધીનગરવતી